# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-12-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. છેલ્લા 2 દાયકામાં રાજ્યના ખેડૂતોને 2 કરોડ 15 લાખ જેટલા સૉઈલ હેલ્થ કાર્ડનું વિનામૂલ્યે વિતરણ કરાયું
2. રાજ્ય GST વિભાગે 186 કરોડ રૂપિયાથી વધુનું GST કૌભાંડ પકડ્યું
3. અમદાવાદ ખ્યાતિ હૉસ્પિટલ ગેરરીતિ કેસમાં અમદાવાદ ગુનાશાખાએ વધુ એક આરોપી ડૉ. સંજય પટોલિયાની ધરપકડ કરી
4. રાજ્યમાં ત્રીજા તબક્કાના ખેલ મહાકુંભ માટે આવતીકાલથી ઑનલાઈન નોંધણીનો પ્રારંભ થશે.
5. અમદાવાદમાં ઑટોરિક્ષામાં મીટર ફરજિયાત લગાવવા શહેર પોલીસ કમિશનરનો નિર્ણય

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ SOIL HEALTH CARD

રાજ્યમાં છેલ્લા 2 દાયકામાં ખેડૂતોને 2 કરોડ 15 લાખ જેટલા સૉઈલ હેલ્થ કાર્ડ એટલે કે, જમીન આરોગ્ય કાર્ડનું વિનામૂલ્યે વિતરણ કરાયું છે. રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, ‘ સૉઈલ હેલ્થ કાર્ડ યોજના થકી રાજ્યના અનેક ખેડૂતોએ પોતાની બિન-ખેતીલાયક જમીનને ખેતી-લાયક બનાવી છે.’ જમીનની તંદુરસ્તી માટે આ યોજના અમલમાં મુકવાવાળું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું હતું.

રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2003-04માં સૉઈલ હેલ્થ કાર્ડ યોજના અમલમાં મુકી હતી. આ યોજના અંતર્ગત નિયત પદ્ધતિથી ખેડૂતોના ખેતરમાંથી જમીનનો નમૂનો લઈને તેને પૃથક્કકરણ માટે જમીન ચકાસણી પ્રયોગશાળામાં મોકલવામાં આવે છે. હાલમાં રાજ્યમાં જમીનના પૃથક્કરણ માટે એક સુક્ષ્મ તત્વ અને 21 જમીન ચકાસણી પ્રયોગશાળા કાર્યરત્ છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં મળેલી સફળતા બાદ વર્ષ 2015-16માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરમાં આ યોજના અમલમાં મુકી હતી.

--------------

# FARMER RAGISTRY

રાજ્યના તમામ જિલ્લામાં ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પુનઃ કાર્યરત કરાયું છે. આ પોર્ટલ પર  પી.એમ.કિસાન યોજનાના આગામી હપ્તા માટે ખેડૂતોએ અવશ્ય નોંધણી  કરાવવાની રહેશે. આ માટે મહીસાગર જિલ્લાના પી.એમ. કિસાન લાભાર્થી ખેડૂતોએ ફાર્મર રજીસ્ટ્રી હેઠળ નોંધણી કરાવવા જિલ્લા ખેતીવાડી અધિકારી જગદીશ પટેલે અનુરોધ કર્યો છે.

(બાઈટ-જગદીશ પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી મહીસાગર)

--------------

## GST SCAM

રાજ્ય વસ્તુ અને સેવા કર- GST વિભાગની અન્વેષણ શાખાએ 186 કરોડ રૂપિયાથી વધુનું GST કૌભાંડ પકડ્યું છે. અને પ્રગ્નેશ કંતારિયાની ધરપકડ કરી છે.

સત્તાવાર યાદી મુજબ GST વિભાગે ગત મહિને કૉપરના ધંધા સાથે સંકળાયેલી સુરત, રાજકોટ, ભરૂચ, વાપી, જુનાગઢ અને ભાવનગરમાં આવેલી 14 ખાનગી કંપનીઓ સામે તપાસ અને જપ્તીની કામગીરી હાથ ધરી હતી.

દરમિયાન એક ભાગીદારની 19 કરોડથી વધુની જીએસટી ચોરીની સંડોવણી બદલ 13 નવેમ્બરે સુરતથી ધરપકડ કરાઈ હતી. આ જ બાબતે અન્ય એક કંપનીના ભાગીદાર પ્રગ્નેશ કંતારિયા ગઈકાલે તપાસ સત્તાધિકારી સમક્ષ હાજર થયા હતા. આરોપી પ્રગ્નેશ કંતારિયાએ પોતાની કંપની દ્વારા બોગસ પેઢીઓ પાસેથી 186 કરોડ રૂપિયાથી વધુના ખોટા આર્થિક વ્યવહારો દર્શાવી 34 કરોડથી

વધુની ખોટી વેરાશાખ ભોગવી છેતરપિંડી કરી હતી. ઊંડાણપૂર્વક તપાસ કરવા પ્રગ્નેશ કંતારિયાની ધરપકડ કરવામાં આવી છે.

--------------

## KHYATI HOSPITAL

અમદાવાદ ખ્યાતિ હૉસ્પિટલ ગેરરીતિ કેસમાં અમદાવાદ ગુનાશાખાએ વધુ એક આરોપી ડૉ. સંજય પટોલિયાની આજે ધરપકડ કરી છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ આશિષ પંચાલ જણાવે છે કે, આ ગેરરીતિ મામલે વસ્ત્રાપુર પોલીસમથકે ત્રણ અલગઅલગ ફરિયાદ નોંધાઈ હતી, જેમાં ડૉ. સંજય પટોલિયાનું પણ નામ હતું. તેણે અમદાવાદ ગ્રામ્ય અદાલતમાં કરેલી આગોતરા જામીન અરજી ગઈકાલે અદાલતે નકારી કાઢી હતી. આરોપી ડૉ. સંજય પટોલિયા બેરિયાટ્રીક સર્જન છે. ખ્યાતિ હોસ્પિટલમાં તેમનો 39 ટકા હિસ્સો હતો.

ઉલ્લેખનીય છે કે, ખ્યાતિ હૉસ્પિટલ ગેરરીતિ કેસમાં અત્યાર સુધી સાત આરોપીની ધરપકડ થઈ છે. જ્યારે હજી 2 આરોપી ફરાર છે.

--------------

## DWARKA TAPU PRATIBANDH

દેવભૂમિદ્વારકા જિલ્લાની દરિયાઈ સરહદમાં આવેલા 21 જેટલા ટાપુઓ પર 29 જાન્યુઆરી 2025 સુધી લોકોની અવરજવર પર પ્રતિબંધ મુકાયો છે.

દેવભૂમિદ્વારકાના અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે કે, દરિયાઇ માર્ગે દેશવિરોધી પ્રવૃત્તિઓ ન ઘટે તે હેતુથી અને સલામતીની દ્રષ્ટિએ 21 જેટલા નિર્જન ટાપુઓ પર જવા પર પ્રતિબંધ લગાવાયો છે. ઉપરાંત સલામતી વ્યવસ્થા પણ સઘન કરવામાં આવી છે. જિલ્લાના અધિક કલેક્ટરે આ અંગે જાહેરનામું બહાર પાડ્યું છે.

દરિયાઈ તટથી ત્રણેય તરફથી જોડાયેલા દ્વારકામાં આવેલા 24 ટાપુમાંથી ફક્ત 2 ટાપુ પર જ માનવ વસાહત છે. જ્યારે એક ટાપુ પર્યટક સ્થળ છે.

--------------

## MP KALABEN DELKAR IN LS RAJUAAT

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીનાં સાંસદ કલાબેન ડેલકરે આજે લોકસભા ગૃહમાં પ્રદેશની સમસ્યાઓ રજૂ કરી હતી. દાદરા-નગરહવેલીમાં વિવિધ યોજનાઓ હેઠળ રસ્તાઓના નિર્માણમાં વિલંબ, આદિવાસી અને આર્થિક રીતે નબળા લોકોને જમીન સંપાદન અને વિસ્તારના જર્જરીત રસ્તાઓ, ખેતી, શિક્ષણ સહિતની સમસ્યાઓ તેમણે ગૃહમાં રજૂ કરી હતી.

### (બાઈટ- કલાબેન ડેલકર, લોકસભા સાંસદ)

--------------

# ANKLESHWAR BLAST UPDATE

ભરૂચમાં અંકલેશ્વર GIDC માં એક ખાનગી કંપનીમાં થયેલા બ્લાસ્ટ મામલે કંપનીને ક્લૉઝર નૉટિસ આપવામાં આવી છે. તેમજ સલામતી અને આરોગ્ય વિભાગની ટુકડી દ્વારા કંપનીમાં તપાસ હાથ ધરવામાં આવી છે. જ્યારે ખાનગી કંપનીએ મૃતક શ્રમિકના પરિવારજનોને ૩૦-૩૦ લાખ રૂપિયા વળતર આપવાની જાહેરાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે ભરૂચમાં અંકલેશ્વર **GIDC** એટલે કે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમમાં આવેલી ખાનગી કંપનીમાં ધડાકો થતાં ગઈકાલે ચાર લોકોના મોત નીપજ્યા હતા.

--------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

..................................

## KHEL MAHAKUMBH

રાજ્યભરમાં જાન્યુઆરી મહિનામાં યોજાનારા ત્રીજા તબક્કાના ખેલ મહાકુંભ માટે આવતીકાલથી ઑનલાઈન નોંધણીનો પ્રારંભ થશે. ઈચ્છુક ખેલાડીઓ 25 ડિસેમ્બર સુધી નોંધણી કરાવી શકશે. આ વખતે 39 રમત પૈકી 32 ઑલિમ્પિક રમતો અને સાત નવી રમતો રમાશે. જ્યારે વિશેષ ખેલ મહાકુંભના ત્રીજા તબક્કા અંતર્ગત 25 પેરા-સ્પૉર્ટ્સ જેવી રમતોનું પણ આયોજન કરાયું છે. જેની નોંધણી આવતીકાલથી શરૂ થશે. ખેલ મહાકુંભ આગામી 31 માર્ચ 2025 સુધી યોજાશે.

--------------

## DANG DRAGON FRUIT KHETI

ડાંગ જિલ્લાના ખેડૂતે પોતાના પ્રયાસ અને કોઠાસૂઝથી ડ્રેગન ફ્રૂટ એટલે કે, કમલમ ફળની ખેતી કરી સૌનું ધ્યાન ખેંચ્યું છે. તેમણે પોતાના ખેતરમાં એક હજાર થાંભલા લાલ કમલમ્ ફળનું વાવેતર કરતાં તેમની ખેતીને જોવા અને માહિતી મેળવવા મોટી સંખ્યામાં લોકો આવી રહ્યા છે. આ અંગે કમલમ ફળની ખેતી કરનાર ખેડૂત બાળુભાઈએ માહિતી આપી હતી.

**(બાઈટ- બાળુભાઇ, ખેડૂત)**

--------------

# AHD AUTO RICKSHAW METER

અમદાવાદ શહેરમાં આગામી પહેલી જાન્યુઆરીથી જે ઓટોરિક્ષામાં મીટર નહીં હોય તે રિક્ષાચાલકને દંડ આપવામાં આવશે. અમદાવાદના અમારા પ્રતિનિધિ આશિષ પંચાલ જણાવે છે કે, રિક્ષાચાલકો યાત્રીઓ પાસેથી વધુ ભાડું વસૂલતા હોવાની અનેક ફરિયાદ મળતાં પોલીસ કમિશનર દ્વારા રિક્ષામાં મીટર ફરજિયાત કરવાનો નિર્ણય કરાયો છે. હવે આગામી પેહલી જાન્યુઆરીથી મીટર વગરની રિક્ષાને દંડ આપવામાં આવશે.

ઉપરાંત રિક્ષાચાલકે મીટરથી ભાડું નક્કી કરીને જ મુસાફરી કરાવવી પડશે. ટ્રાફિક પોલીસે પણ રિક્ષાચાલકોને મીટર લગાવવાની અપીલ કરી છે.

--------------

# AHMEDABAD BOOK FESTIVAL

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ 2024માં બાળકો માટેની પ્રજ્ઞા શિબિરમાં પાંચ દિવસમાં એક હજાર 300થી વધુ વિદ્યાર્થીઓ મુલાકાતે આવ્યા છે. જ્યારે આજે 350 જેટલા બાળકો આ શિબિરમાં જોડાયા હતા. શિબિરમાં નાના ભૂલકાંઓને સંગીત અને અભિનય ગીતો સહિતની વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

પ્રજ્ઞા શિબિરના પાંચમા દિવસની શરૂઆત વાર્તાકથન અને રમકડા આધારિત શૈક્ષણિક પદ્ધતિના નિષ્ણાત દ્વારા "ગુજરાતી લોકકથાઓ"ના સત્ર સાથે થઈ. બીજા સત્રમાં "બાલગીતઃ ગુજરાતના લોકગીતો"નું આયોજન કરાયું. જ્યારે

અંતિમ સત્રમાં ગાયક અને સંગીતકાર દ્વારા કાવ્યલેખનની કાર્યશાળા યોજાઇ હતી.

કાર્યક્રમના અંતમાં નેશનલ બુક ટ્રસ્ટ- NBT દ્વારા બાળકોને પ્રમાણપત્ર આપી તેમનો જુસ્સો વધારવામાં આવ્યો હતો.

--------------

## AHMEDABAD POLICE COMBING

અમદાવાદ શહેર પોલીસ દ્વારા ગઈકાલે વિવિધ જગ્યાએ કૉમ્બિંગ કરી 8 હજાર 299 વાહનોની ચકાસણી કરી હતી. દરમિયાન 722 વાહનોને મેમો અપાતાં પોલીસે 5 લાખ 68 હજાર 550 રૂપિયાનો દંડ વલૂસ્યો છે. ઉપરાંત પોલીસે કાળીપટ્ટી લગાવેલા 133 વાહનોને પણ પકડ્યા હતા.

--------------

## GUJARAT SAHITYA PARISHAD SATRA

ગુજરાતી સાહિત્ય પરિષદનું 34મું જ્ઞાનસત્ર આવતીકાલથી આઠ ડિસેમ્બર દરમિયાન મહુવાના કૈલાસ ગુરુકુળના પરિસરમાં યોજાશે. સત્રના પહેલા દિવસે પરિષદની વાર્ષિક પ્રવૃત્તિઓનો અહેવાલ મહામંત્રી રજૂ કરશે. જ્યારે બીજા દિવસે નિષ્ણાતો વિવિધ વિષયો પર વક્તવ્ય આપશે.

આ વખતે પરિષદનો નવતર પ્રયોગ વિદ્યાર્થીઓની બેઠકનો છે, જેમાં રાજ્યની તમામ વિશ્વ-વિદ્યાલયના પ્રતિનિધિ વિદ્યાર્થીઓ સ્ટેજ એટલે કે, મંચ પર બેસી શ્રોતામાં ઉપસ્થિત સાહિત્યકારો સાથે પ્રશ્નોત્તરી કરશે.

ઉલ્લેખનીય છે કે, આ જ્ઞાનસત્રમાં રાજ્ય અને મુંબઈના અંદાજે 400 જેટલા સાહિત્યરસિકો ઉપસ્થિત રહેશે.

--------------

## GUJARAT CHESS FESTIVAL

અમદાવાદના સાયન્સ સિટી ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના “સ્ટૂડન્ટ ચેસ ફેસ્ટિવલ 2024” નું સમાપન થયું છે. જેમાં 600 વિજેતાઓને 5 લાખ રૂપિયાની ઈનામી રકમ એનાયત કરાઈ હતી. હવે આ તમામ વિજેતાઓને ગુજરાત ચેસ એસોસિએશનના નિષ્ણાત પ્રશિક્ષક તરફથી નિઃશુલ્ક તાલીમ પ્રાપ્ત થશે. જ્યારે સ્પર્ધામાં ભાગ લેનારા એક હજાર 300 સ્પર્ધકોને નિઃશુલ્ક આંતરરાષ્ટ્રીય ચેસ સેટ ભેટમાં અપાયો હતો.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના કુલપતિ પ્રાધ્યાપક સંજય ગુપ્તાએ જણાવ્યું કે, આ સ્પર્ધામાં રાજ્યના અનેક નાના ગામડાંઓમાંથી આવેલા બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા દરમિયાન યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલા સંશોધનના આંકડાના આધારે ચેસની સ્પર્ધાને રાજ્યના દરેક ગામમાં પહોંચાડવાની કવાયત હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરની ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, સાયન્સ સિટી, વિજ્ઞાન અને ટેક્નૉલોજી વિભાગ, વિજ્ઞાન અને ટેક્નૉલોજી ગુજરાત પરિષદ તેમજ

અમદાવાદ જિલ્લા સહકારી બેન્કના ઉપક્રમે 30 નવેમ્બરથી 2 ડિસેમ્બર સુધી આ સ્પર્ધા યોજવામાં આવી હતી.

--------------